# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો તાલિમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલિમ તા: ૦૨/૦૧/૨૦૧૭ થી ૦૫/૦૧/૨૦૧૭ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં રાજકોટ જીલ્લાના કુલ ૩૬ ખેડૂત ભાઇઓ અને બહેનોએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન વિષય પર જુદા-જુદા નિષ્ણાંતો દ્વારા લંબાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપેલ. વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી ઓછામાં ઓછા જંતુનાશકો છાંટીને, પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી, રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે તાલિમ આપવામાં આવેલ. આ તાલિમ કાર્યક્રમનાં છેલ્લા દિવસે માન. કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલ ઉપસ્થિત રહી તાલિમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન આપેલ તથા તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્રનું વિતરણ પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એ. એ. પટેલ તથા આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. કે. પી. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.






